સાર્વજનિક એજ્યુકેઈશન સોસાઈટી
કૉલિજ ઑફ ટીચર એજ્યુકેઈશન (CTE)- વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેઈશન
લાલ બંગલા, અઠવા લાઇન્સ, સુરત- 395 007
ફોન અને ફેક્સ: 0261- 2254109 (ઓ), ઇ મેલ: principal@vtcbed.org અને સીટીઈ, સુરત: v_sevak@yahoo.in

OW No. 48/CTE- ઑગસ્ટ 01, 2019

પ્રતિ
આચાર્ય શ્રી (સુરત શહેર તમામ)
માધ્યમિક શાળાઓ તમામ
(ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ)

વિષય: 'નાટ્યકળાનો શિક્ષણમાં વિનિયોગ: નાટ્ય દ્વારા કાવ્યશિક્ષણ'
(તા. 20 થી 22 ઑગસ્ટ 2019- સવારે 11.30 થી સાંજે 5.00)

આદરણીય શ્રી,
આપ સુવિદિત છો કે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રાયોજિત સેન્ટર ફોર ટીચર એજ્યુકેશન (CTE)-સુરતમાં છેલ્લાં છ વર્ષથી 'થિએટર ઇન એજ્યુકેશન' (નાટ્યકળાનો શિક્ષણમાં વિનિયોગ- TiE)નું એકમ કાર્યરત છે. તેના દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરાયું છે તથા સંદર્ભ સાહિત્યની રચના પણ કરવામાં આવી છે. મૂળત: આ પ્રવૃત્તિલક્ષી (ABL) અને અનુભવજન્ય અધ્યયન છે. નવા અભ્યાસક્રમમાં પણ પ્રવૃત્તિ દ્વારા અધ્યયનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ બાબતને અનુલક્ષીને સીટીઈ, સુરતે શિક્ષકો માટે તા. 20 થી 22 ઑગસ્ટ 2019- સવારે 11.30 થી સાંજે 5.00 'નાટ્ય દ્વારા કાવ્યશિક્ષણ' વિષય પર વર્કશૉપનું આયોજન કર્યું છે. આ વર્કશૉપ માટે આપની શાળાના કોઈ એક ગુજરાતી કે હિન્દી કે અંગ્રેજી ભાષાશિક્ષકનું નામ શાળાના લેટરહેડ પર આપની સહી સાથે તા. 10 ઑગસ્ટ 2019 સાંજે 4.00 વાગ્યા સુધીમાં કૉલિજના ઉપર્યુક્ત સરનામે મોકલી આપવા વિનંતિ. સ્કેન કરેલો પત્ર ઈ-મેઈલથી પણ મોકલી શકાય.

આ કાર્યશાળામાં શિક્ષકે તા. 20 ઑગસ્ટે સવારે 11.00 વાગે કૉલેજના સીટીઈ મલ્ટીપરપઝ હૉલમાં હાજર થઈ પોતાના નામની નોંધણી કરાવવાની રહેશે. શિક્ષકે ત્રણે ત્રણ દિવસ તાલીમ લેવાની રહેશે. ભાગ લેનાર શિક્ષકોને સરકારી નિયમાનુસાર ટી.એ. અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

આપના સહકારની અપેક્ષા. આભાર.

નલિન પટેલ
ઇંચાર્જ પ્રાચાર્ય- CTE-Surat
VC PRINCIPAL
V.T. Choksi Sarvajanik College of Education
Surat.

વિજય સેવક
સંવાહક-CTE-Surat

પ્રતિ સહી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

નકલ સવિનય રવાના જાણ સારૂ:
નિયામકશ્રી- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર અને અધ્યક્ષશ્રી- સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત

Scanned by CamScanner